ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઈટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં દસ્તાવેજોના પરિક્ષણ માટે પેઈડ કેસોની ફીનું ધોરણ પુન: નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક: ફસલ/૧૦૨૦૦૦/૩૭૨/અ(પા.ફા.)

તા. /૦૯/૨૦૨૪

27 SEP 2024

**વંચાણે લીધા:**

(૧) ગૃહ વિભાગનો તા. ૧૮/૧૧/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ફસલ/૧૦-૨૦૦૦/૩૭૨/અ

(૨) ગૃહ વિભાગનો તા. ૦૩/૧૧/૨૦૨૨નો સમાનાંકી ઠરાવ

(3) ગૃહ વિભાગનો તા. ૨૫/૧૦/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ

(3) ન્યા.સ.વિ. કચેરીનો તા. ૧૩/૦૯/૨૦૨૪નો પત્ર ક્રમાંક:DFS/DCB/e-file/306/2023/0571/CB

**ઠરાવ:**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧)થી (૩)માં દર્શાવેલ ઠરાવથી ન્યાય સહાયક ખાતાના હેન્ડરાઈટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં આવતા ખાનગી સંસ્થા કે અન્ય બહારની વ્યક્તિઓ, તમામ સરકારી/અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા કેસોની ચકાસણી માટે ફીનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨)માં દર્શાવેલ તા. ૦૩/૧૧/૨૦૨૨ના ઠરાવના પારા-૬માં ઠરાવ્યા મુજબ દર વર્ષે આ દરોમાં ૧૦% વધારો કરવાનું પણ સૂચવવામાં આવેલ છે. આથી આ જોગવાઈ અન્વયે તા. ૦૩/૧૧/૨૦૨૪થી સુધારેલ નવા દરોનો અમલ કરવા માટેની બાબત વિચારણા હેઠળ હતી.

૨. ન્યાય સહાયક વિજ્ઞાન કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક: (૪) સામે દર્શાવેલ પત્રથી ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઈટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં દસ્તાવેજોના પેઈડ કેસોના પૃથ્થકરણ માટેની ફીનું ધોરણ પુન: નક્કી કરવા અંગેની દરખાસ્ત અન્વયે ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઈટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં પૃથ્થકરણ માટે મોકલાતા નમૂનાઓના પરિક્ષણના હાલના ફીના ધોરણમાં પુખ્ત વિચારણાને અંતે તા. ૦૩/૧૧/૨૦૨૪થી અમલ કરવાના થતા ૧૦% વધારા સાથેના દરો નીચે મુજબના કોષ્ટક પ્રમાણે આથી નક્કી કરવામાં આવે છે.

**ઓપિનિયન ફી, કોર્ટ એટેડન્સ ફી, ટ્રાવેલિંગ ફીના દર**

| ક્રમ | વિગત | ફીનો દર |
|---|---|---|
| ૧ | ઓપિનિયન ફી | રૂ. ૧૨,૧૦૦/-(૧ થી ૫ તકરારી એક્ઝિબિટ્સ) + રૂ.૧૨૧૦/- પ્રત્યેક વધારાના તકરારી એક્ઝિબિટ્સ દીઠ |
| ૨ | નિષ્ણાતોએ પ્રત્યેક કેસ દીઠ અભિપ્રાય માટે કોર્ટમાં આપેલ હાજરી (કોર્ટ એટેડન્સ) માટેની એવિડન્સ ફી તેમજ ટ્રાવેલિંગ ફી | અ) કોર્ટ એટેડન્સ/એવિડન્સ ફી પ્રતિ કેસ પ્રતિ દિવસ રૂ. ૪૮૪૦/-<br>બ) સાક્ષી માટે મુસાફરીના પ્રત્યેક દિવસની ટ્રાવેલિંગ ફી રૂ. ૪૮૪૦/-<br>ક) મુસાફરીના ચાર કલાક સમય પસાર કરેલ હોય તો ટ્રાવેલિંગ ફી રૂ. ૪૮૪૦/-<br>ડ) મુસાફરીના ચાર કલાકથી ઓછો સમય પસાર કરેલ હોય તો ટ્રાવેલિંગ ફી રૂ. ૨૪૨૦/-<br>ઈ) જે દિવસ માટે કોર્ટ એટેડન્સ ફી લેવામાં આવશે તે દિવસ માટે ટ્રાવેલિંગ ફી લેવામાં આવશે નહી. |
| ૩ | મુસાફરી ભથ્થુ | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |

**ડોક્યુમેન્ટ ફોટોગ્રાફીના ફીના દર**

| ક્રમ | | ડિજિટલ ફોટોગ્રાફી/ડોક્યુમેન્ટના ફોટોગ્રાફની સાઈઝ | ફીના દર | |
|---|---|---|---|---|
| | | | પ્રથમ કોપી | બીજી કોપી |
| અ | ૧ | કલર પ્રિન્ટ (A-4 Size) | રૂ. ૧૮૧.૫/- | રૂ. ૯૦.૭૫/- |
| | ૨ | બ્લેક એન્ડ વ્હાઈટ (A-4 Size) | રૂ. ૧૨૧/- | રૂ. ૬૦.૫/- |

Signature valid
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.09.26
17:59:47 +05:30

| | | | ફીના દર | |
|---|---|---|---|---|
| | સ્પેશિયલ ફોટોગ્રાફી | | પ્રથમ કોપી | બીજી કોપી |
| બ | ૧ | ટ્રાન્સમિટેડ, ઈન્ફ્રારેડ, ઓબ્લિગ લાઈટ, અલ્ટ્રાવાયોલેટ લાઈટ, ફોટોગ્રાફી ઈન મેઝરિંગ પ્લેટ | રૂ. ૩૬૩/- | રૂ. ૨૪૨/- |
| | ૨ | અદ્યતન વૈજ્ઞાનિક સાધનોની મદદથી મેળવેલ ડિજિટલ ફોટોગ્રાફી પ્રિન્ટ | રૂ. ૩૬૩/- | રૂ. ૨૪૨/- |
| ક | ડોક્યુમેન્ટની ડિજિટલ ફોટોગ્રાફીની ડેટા સીડી/ડીવીડી | | રૂ. ૩૬૩/- | રૂ. ૨૪૨/- |

૩. ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણેના દરો ગુજરાત સરકાર ગૃહ વિભાગ સિવાયના ગુજરાત સરકારના તેમજ અન્ય સરકારી/અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા નમૂનાઓની ચકાસણી માટે લાગુ પડશે અને નમૂનાઓના પૃથ્થકરણ/ચકાસણીની ફી પેટે આવેલ રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

૪. આ સુધારેલ દરોનો અમલ તા. ૦૩/૧૧/૨૦૨૪થી કરવાનો રહેશે.

૫. ગૃહ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમાંક: (૧) સામેના તા. ૧૮/૧૧/૨૦૦૬ તેમજ વંચાણમાં લીધેલ ક્રમાંક: (૨) સામેના તા. ૦૩/૧૧/૨૦૨૨ના સમાનાંકી ઠરાવની અન્ય પૂર્વ નિયત શરતો યથાવત રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ની તા.૨૪/૦૯/૨૦૨૩ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(રોનક મોદી)

ઉપ સચિવ,

ગૃહ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, અમદાવાદ.
- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જૂનાગઢ/રાજકોટ/વડોદરા/સુરત.
- પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/જૂનાગઢ/રાજકોટ/વડોદરા/સુરત.
- સેક્શન અધિકારીશ્રી, 'ચ' શાખા, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર.(આ અંગેની પ્રસિદ્ધિ વર્તમાનપત્રોમાં આપવાની વિનંતી સહ)
- ભાષા નિયામકશ્રીની કચેરી, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર(આ ઠરાવનો અંગ્રેજીમાં અનુવાદ કરી તેની નકલ આ વિભાગને પૂરી પાડવાની વિનંતી સહ)
- આઈ.ટી.સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ)
- શાખા પસંદગી ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઈલ_

Signature valid
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.09.26
17:59:47 +05:30